# ચૂંટણી બોન્ડ અને નાણાકીય અસ્પષ્ટતા

## A. ચૂંટણી બોન્ડ વિશે:-

ચૂંટણી બોન્ડ એક નાણાકીય સાધન છે, જેના દ્વારા રાજકીય પક્ષો ભંડોળ મેળવી શકે છે. 2017-18 માં કેન્દ્રિય બજેટમાં નાણામંત્રી દ્વારા તેને પ્રથમ વાર જાહેર કરવામાં આવ્યું. ચૂંટણી બોન્ડ યોજના 2018, ચૂંટણી બોન્ડ એક પ્રોમિસરી નોટ છે, જે બેરર ચેક સમાન છે. એટ્લે તેમાં ખરીદનાર કે લેનારનું નામ હોવું જરૂરી નથી, તેમજ તેના માલિકી વિશેની કોઈ માહિતી રાખવાની જરૂર નથી, અને તે ધારણ કરનાર (રાજકીય પક્ષ) તેનો માલિક છે. તેમ માનવમાં આવે છે.

જાન્યુઆરી 2018 માં ગેઝેટ દ્વારા સૂચિત કરવામાં આવેલ આ યોજના ભારતના કોઈ પણ નાગરિકને અથવા ભારતીય કંપનીઓને આ "બોન્ડ" દ્વારા દાન આપવાની છૂટ આપે છે. બોન્ડ રૂ. 1000, રૂ.10,000, રૂ.1 લાખ, રૂ. 10 લાખ, અને રૂ. 1 કરોડ ના ગુણાંકમાં હશે અને તેઓ તે તેમની પસંદગીના પક્ષને આપી શકશે, અને જે તે પક્ષ દ્વારા બોન્ડને 15 દિવસમાં વટાવવાના રહેશે.

કોઈ પણ વ્યક્તિ વ્યક્તિગત અથવા બીજા વ્યક્તિઓ સાથે મળીને ગમે તેટલા ચૂંટણી બોન્ડ ખરીદી શકશે, તેમાં કોઈ વ્યાવસાયિક કંપનીને પણ કોઈ **મર્યાદા નથી**. જે ચૂંટણી બોન્ડ 15 દિવસમાં વટાવ્યા ન હોય તે પ્રધાનમંત્રી રાહત કોષ માટે નિયત બેન્કમાં જમા કરાવવાના રહેશે. અત્યારસુધીમાં 144 આવા બોન્ડ પ્રધાનમંત્રી રાહત કોષમાં જમાં થયા છે, જેની કુલ રકમ રૂ.20.2833 કરોડ થાય છે, જે ચૂંટણી બોન્ડદ્વારા મળેલ દાનની 0.31% જેટલી થાય છે. એટ્લે અત્યારસુધીના 15 વખતના બોન્ડના તબક્કામાં 99.69% ચૂંટણી બોન્ડ ખરીદ્યા તારીખથી 15 દિવસમાં વટાવવામાં આવ્યા છે.

ચૂંટણી બોન્ડ દ્વારા દાન મેળવવા રાજીકીય પક્ષોને નીચે મુજબના માપદંડ લાગુ પડે છે.

i. લોકપ્રતિનિધિત્વ ધારો 1951 ની કલમ 29A નીચે નોંધાયેલા છે.
ii. છેલ્લી વિધાનસભા અથવા લોકસભાની ચૂંટણીમાં તેને કમ સે કમ 1% મત મળેલ હોવા જોઈએ.

ચૂંટણી બોન્ડ યોજનાને અનુલક્ષીને લોકપ્રતિનિધિત્વ ધારાની 29C માં ફેરફાર કરી દાતાનું નામ અને વિગતોનું રેકોર્ડ રાખવા અંગે તેમજ ચૂંટણી પંચને વાર્ષિક તેની વિગતો આપવા અંગેની જોગવાઈ રદ કરવામાં આવી.

## B. એડીઆર દ્વારા ચૂંટણી બોન્ડના વિગતોનું વિશ્લેષણ

એડીઆર દ્વારા અત્યારસુધીમાં કુલ 15 તબક્કામાં ખરીદાયેલાં અને વટાવેલાં ચૂંટણી બોન્ડની રકમ વિશે વિગતે વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેમાં તે કઈ બ્રાંચમાં ખરીદયેલા છે, અને કયા પક્ષ દ્વારા ક્યાં વટાવવામાં આવ્યા તેનું વિશ્લેષણ પણ છે. પ્રાથમિક તારણો નીચે મુજબ છે.

1. માર્ચ 2018 થી જાન્યુઆરી 2021 સુધીના 15 તબક્કામાં કુલ 12,924 ચૂંટણી બોન્ડ ખરીદાયાં જેની કુલ રકમ 6534.78 કરોડ છે. 6514.50 કરોડની કીમતના 12,780 ચૂંટણી બોન્ડ વટાવવામાં આવ્યા છે. કુલ બોન્ડમાંથી 55.43% બોન્ડ માર્ચ અને એપ્રિલ 2019 દરમ્યાન ખરીદવામાં આવ્યા છે, જે લોકસભાન ચૂંટણીનો સમયગાળો હતો.

2. 92.046% અથવા 6015 કરોડ રૂપિયાના ચૂંટણી બોન્ડ એક કરોડના ગુણાંકમાં હતા, જે દર્શાવે છે, ચૂંટણી બોન્ડ કોઈ વ્યક્તિગત રીતે નહી પણ કંપની દ્વારા વધુ પ્રમાણમાં ખરીદવામાં આવી રહ્યા છે.

3. માર્ચ 2018 થી જાન્યુઆરી 2021 દરમ્યાન 5013.52 કરોડ રૂપિયાના 9108 ચૂંટણી બોન્ડ નવી દિલ્લી ખાતેજ વટાવવામાં આવ્યા છે. (જ્યારે સૌથી વધુ બોન્ડ મુંબઈ ખાતે ખરીદવામાં આવ્યા છે) કે જ્યાં રાષ્ટ્રીય પક્ષોના મુખ્ય કાર્યાલયો આવેલ છે.

4. નાણાકીય વર્ષ 2017-18 અને 2018-19 દરમ્યાન રાજકીય પક્ષોને રૂ.2760.20 કરોડ રૂપિયાનું દાન ચૂંટણી બોન્ડ થકી મળ્યું, તેમાંનું 60.17% (રૂ.1,660.89 કરોડ) માત્ર શાસક પક્ષને મળ્યું.

5. ચૂંટણી પંચને સોંપેલ અહેવાલ અનુસાર, વર્ષ 2017-18માં BJP પક્ષને ચૂંટણી બોન્ડ દ્વાર મળેલ દાનના 95% એટ્લે રૂ.210 કરોડનું દાન મળ્યું. જ્યારે વર્ષ 2018-19 માં BJP ને રૂ.1450 કરોડ નું દાન ચૂંટણી બોન્ડ દ્વારા મળ્યું જ્યારે રૂ.383 કરોડનું દાન મળ્યું.

6. કુલ રકમની 60.08% રકમના ચૂંટણી બોન્ડ લોકસભાની 2019ની ચૂંટણીના સમયગાળા દરમ્યાન, એટ્લે માર્ચ 2019 (8 મો તબક્કો), એપ્રિલ 2019 (9મો તબક્કો) અને મે 2019 (10 મો તબક્કો) દરમ્યાન વટાવવામાં આવ્યા છે.

7. કેમ કે આ યોજનામાં દાન આપનાર ના નામની ગુપ્તતાની જોગવાઈ છે, એટ્લે રાજકીય પક્ષોને દાન આપવામાટે નું આ સૌથી લોકપ્રિય સાધન બન્યું છે. એડીઆરના વિશ્લેષણ અનુસાર 2018-19 દરમ્યાન પક્ષોએ કરેલ કુલ આવકમાંથી 52% થી વધુ આવક ચૂંટણી બોન્ડ દ્વારા મળેલ દાનમાંથી થયેલ છે.

8. નાણાકીય વર્ષ 2018-19 માં એડીઆરને જાણવા મળ્યું છ્ર રાષ્ટ્રીય પક્ષો BJP, INC, NCP, અને AITC એ રૂ.1906.68 કરોડ જ્યારે 7 ક્ષેત્રીય પક્ષ BJD (બીજુ જનતા દલ) , તેલંગાણા રાષ્ટ્રીય સમિતિ (TRS), YSR- C, શિવ સેના (SHS), તેલગુ દેસમ પાર્ટી (TDP), જનતા દલ સેક્યુલર (JDS) અને સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ (SDF) ને રૂ.578.49 કરોડ ચૂંટણી બોન્ડ થકી દાન મળ્યું.

9. નાણાકીય વર્ષ 2019- 20 માં કુલ 8 પક્ષોના ઓડિટેડ હિસાબો ચુટણી પંચની વેબસાઇટ પર જાહેર મુકાયેલા મળ્યા, તેનું વિશ્લેષણ કરવામાં એડીઆર દ્વારા કરવામાં આવ્યું. છે, **AITC, BJD, TDP, AIADMK, SAD, DMK, & JDU** ને કુલ રૂ. 322.37 કરોડ દાન ચૂંટણી બોન્ડ દ્વારા મળ્યું છે.

10. વર્ષ 2018-19 -20 દરમ્યાન રાષ્ટ્રીય પક્ષોને સૌથી વધુ એટ્લે રૂ.881.26 કરોડ નું દાન કોર્પોરેટ પાસેથી મળ્યું છે. નાણાકીય વર્ષ 2016-17 દરમ્યાન તે રૂ.563 કરોડ હતું, જ્યારે 2014-15 માં (લોકસભા ચૂંટણીનો સમય) તે રૂ.573.18 કરોડ હતું. _વર્ષ 2012-13 થી વર્ષ 2018-19 વચ્ચે કોર્પોરેટ પાસેથી રાષ્ટ્રીય પક્ષોને મળતાં દાનમાં 974% ટકાનો વધારો થયો છે.

## C. ચૂંટણી બોન્ડ યોજના 2018 મનસ્વી, ગેર બંધારણીય અને સમસ્યારૂપ કેમ છે?

1. **નાણાં કાયદો 2017 દ્વારા ચૂંટણી બોન્ડને રાજકીય ભંડોળ મેળવવા માટેનું એક સાધન તરીકે લાવવામાં આવ્યા. આ કાયદો "નાણાં બિલ" તરીકે પસાર કરવાં આવ્યો. તેમાં કરેલી જોગવાઈ અનુસાર રાજીકીય પક્ષોને ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરવાના વાર્ષિક અહેવાલ "ચૂંટણી બોન્ડ" થકી દાન આપનારનું નામ અને સરનામાંની વિગતો જાહેર કરવાની જરૂર નથી. આ જોગવાઈની રાજકીય પક્ષો અંગેની પારદર્શિતાપર મોટી અસર થશે અને રાજકીય દાન પ્રત્યેના દૃષ્ટિકોણમાં પાયાનો ફેરફાર કરશે.**

2. **નાગરિકનો મૂળભૂત અધિકાર "જાણવાના અધિકાર" ને ચૂંટણી બોન્ડ ઉલ્લંઘન કરે છે. માહિતી પર આ પ્રકારનો ગેરવ્યાજબી અને તર્કવગરના પ્રતિબંધથી જાહેર હીત જોખમાય છે, તેમજ પારદર્શિતા અને જવાબદેહિતાને મૂળભૂત રીતે નુકસાન પહોંચે છે.**

3. **વધુમાં ચૂંટણી બોન્ડ વિશેની વિગતો નાગરિકો મેળવી શકતા નથી પણ જે તે સરકાર તે SBI પાસેથી ડેટા માંગવીને મેળવી શકશે. આનો અર્થ એવો થાય છે, કે નાણાં કોણ કોને આપે છે, આ બાબતે માત્ર કરદાતાઓને, નાગરિકોને અંધારામાં છે. ચૂંટણી બોન્ડ પ્રિન્ટ કરવાના, તેને વટાવવામાં માટે SBI દ્વારા લેવામાં આવતું કમિશન વગેરેનો ખર્ચ કેન્દ્ર સરકાર દ્વારા કરદાતાઓના જાહેર નાણાંમાંથી કરવામાં આવે છે.**

4. **ચૂંટણી બોન્ડ થકી એક અનિશ્ચિત, અમર્યાદ અને રહસ્યમય દાનમાટેના દરવાજા ખૂલ્યાં છે, જે ચૂંટણી અને રાજીકીય પ્રક્રિયામાં આવેલ રૂ.6500 કરોડ જેટલું ગેરકાયદેસરના ભંડોળને કાયદેસરનું બનાવે છે, અને સાથે સાથે રાજકીય પક્ષોમાં નાણાકીય ભંડોળની અસ્પષ્ટતાને વધારે છે.**

5. ચૂંટણી બોન્ડ વિશે આશંકા વ્યક્ત કરતાં વિવિધ કેન્દ્રિય સંસ્થાઓ જેવી કે ભરતી રીઝર્વ બેન્ક, કાયદા મંત્રાલય, અને અનેક રાજ્ય સભાના સાંસદોએ સરકારને ચેતવ્યા હતા કે, આનાથી કાળા નાણાનું ચલન, અવૈધ નાણાની હેરફેરી, બોર્ડર પારથી નાણાની હેરફેર વધવાની શક્યતા છે. આ સંસ્થાઓએ ચૂંટણી બોન્ડનો વિરોધ કર્યો હતો અને તેને ખરાબ ગણાવ્યા હતા. સરકારે તેમના વિરોધને ગણકાર્યો નહીં પણ આ યોજનાનો ગેરવપર રોકવા સંદર્ભે તેમને કરેલ સૂચનોને ચૂંટણી બોન્ડ યોજનાને આખરી રૂપ આપતી વખતે વિચારમાં લેવાયાં નથી.

6. ચૂંટણી પંચે સ્પષ્ટ કહ્યું હતું કે, " ચૂંટણી બોન્ડ દ્વારા કોઈ પણ રાજકીય પક્ષને મળેલ દાન અંગે પંચને જરૂરી વિગતો સાથે રિપોર્ટિંગ કરવું જરૂરી નથી એટ્લે આ ઓજનાને પાછી ખેંચવી જોઈએ. ચૂંટણી પંચે વધુમાં કહ્યું હતું, કે કોઈ પક્ષે સરકારી કંપની દ્વારા કે વિદેશી સ્રોત દ્વારા દાન મેળવ્યું હોય તે ઓળખવું પણ મુશ્કેલ છે. ચૂંટણી પંચના આ સૂચન ઉપર ધ્યાન આપવાને બદલે કેન્દ્ર સરકાર દ્વારા રાજ્ય સભામાં ખોટું નિવેદન આપવામાં આવ્યું કે ચૂંટણી પંચ દ્વારા કોઈ કોઈ વાંધો ઉઠાવવામાં આવ્યો નથી. સરકારે વધુ એક ખોટું વિધાન રજૂ કર્યું કે દાતાઓ દ્વારા તેમના નામ ગુપ્ત રાખવા અંગે રજૂઆતો કરવામાં આવી છે.

7. **સરકારે SBI ને રૂ. 20 કરોડના સમયમર્યાદા પૂરી થયા બાદ બોન્ડની બારી ખૂલી રાખી ચૂંટણી બોન્ડ પણ લેવાની ફરજ પાડી.**

8. **ચૂંટણી બોન્ડ પર જમણી બાજુના ખૂણામાં એક યુનિક કોડ હોય છે, જે અલ્ટ્રા વાયોલેટ કિરણોમાં જોઈ શકાય છેમ અને નારી આંખે દેખાતો નથી. સરકારે કહ્યું કે આ કોડ સુરક્ષિતતાના કારણે મૂકવામાં આવ્યો છે. પણ ઘણા નિષ્ણાતોએ આ વાતને ખોટી પુરવાર કરી છે. આ બાબતે "ધ ક્વિંટ" તેમજ અન્ય રિપોર્ટ સ્પષ્ટપણે દર્શાવે છે, આ યુનિક કોડનો ઉપયોગ ચૂંટણી બોન્ડ ખરીદનાર પાર નજર રાખવાના ઉદ્દેશથી જે તે સરકાર કરશે. આજની તારીખમાં ચૂંટણી બોન્ડ ખરીદનારની વિગતો SBI પાસે હોય છે, જે સરકાર આસાનીથી મેળવી શકે. એટ્લે માત્ર નાગરિકો અને અન્ય પક્ષો પાસેથીજ આ માહિતી છુપાવેલી છે.**

9. નિવૃત ચૂંટણી કમિશ્નરશ્રી એસ. વાય. કુરેશીએ એક ઇન્ટરવ્યુ માં કહ્યું છે, કે, ચૂંટણી બોન્ડ ખરીદતી વખતે KYC આપવાનું છે. એટ્લે કોણે બોન્ડ ખરીદ્યા અને કોણે આપ્યા તેની વિગતો બેન્ક પાસે છે.

10. ઘણી વિધાનસભાની ચૂંટણી વખતે નાણાં મંત્રાલય દ્વારણ નિયમોનો ભંગ કરી એરકાયદેસર રીતે ચૂંટણી બોન્ડ વેંચવાની મંજૂરી આપવામાં આવી.

11. નિયમોઅનુસાર ચૂંટણી બોન્ડ જાન્યુઆરી માહિનામાં 10 દિવસો માટે જાન્યુઆરી, એપ્રિલ, જુલાઇ, અને ઓક્ટોબર માહિનામાં ખોલવાના હોય છે, અને ચૂંટણીના વર્ષમાં વધારાના 30 દિવસ માટે ખોલી શકાશે. પણ ફેબ્રુવારી 2019માં (લોકસભાની ચૂંટણી પહેલાં) નાણાં મંત્રાલય દ્વારા માર્ચ, એપ્રિલ અને મે માટે 45 દિવસ આપ્યા. સર્વોચ્ચ ન્યાયાલયે તેમના 12મી એપ્રિલે આપેલ વચગાળાના ચુકાદામાં વધારાના 5 દિવસ કાઢવા નાણાં મંત્રાલયને હુકમ કર્યો હતો.

12. બિહાર વિધાનસભા ચૂંટણી 2020 વખતે ચૂંટણી બોન્ડ નું વેચાણ: **બિહાર ચૂંટણી પહેલા ઓક્ટોબર 19 થી 28 સુધી ચૂંટણી બોન્ડ ખુલ્લા મૂકવાનો નિર્ણય પણ અગત્યનો બને છે. ચૂંટણી બોન્ડ યોજનાના તારીખ 2/1/2018 ના જાહેરનામાં અનુસાર ચૂંટણી બોન્ડ જાન્યુઆરી, એપ્રિલ, જુલાઇ અને ઓક્ટોબરમાં ખોલી શકશે. જાન્યુઆરી 2020 બાદ**

**એપ્રિલ, અને જુલાઇમાં ચૂંટણી બોન્ડને ન ખોલતાં સીધા ઓક્ટોબરમાં બિહારની ચૂંટણીઓ પહેલાં ખોલવામાં આવ્યા. એ વાત ખુબજ સ્પષ્ટ છે, કે ચૂંટણી વખતે આપેલ દાન ચૂંટણી દરમ્યાન પક્ષોના થતાં જુંબેશોમાં મહત્વની બજવે છે. સ્વચ્છ અને પારદર્શી ચૂંટણીઓ નિશ્ચિત કરવામાટે નાગરિકોનું પક્ષોને મળતાં દાન વિશે માહિતી મળવી અત્યંત જરૂરી છે, કારણ તે મતદારના સુમાહીતગાર થઈને મત આપવાના અધિકાર સાથે જોડાયેલ છે.**

13. કાયદા મંત્રાલયે વખતો વખત કે ચૂંટણી બોન્ડ થકી દાન મેળવવા માટે જે તે રાજકીય પક્ષ ને ચૂંટણીમાં 1% મત મળવા જરૂરી છે આ નાણાં મંત્રાલયના સૂચન સંદર્ભે વિરોધ કર્યો છે. તેમણે કહ્યું છે, કે લોકપ્રતિનિધિત્વ ધારો 1951 સાથે ચૂંટણી બોન્ડ યોજના સુસંગત હોવી જોઈએ.

14. **મોટા ભાગના ચૂંટણી બોન્ડ એકજ પક્ષને મળેલા છે, અને તે ચૂંટણી વખતે ખરીદેલા અને વટાવેલા છે, આ હકીકત એ દર્શાવે છે કે ચૂંટણી પ્રક્રિયા એક-સમાન સ્તર પર થતી નથી જે લોકશાહીનો કેન્દ્ર બિંદુ છે.**

15. જ્યારે રાજકીય પક્ષોને મળેલ દાન વિશેની વિગતો રજૂ કરવાની જ થતી નથી, ત્યારે કોઈ રાજકીય પક્ષો એ સરકારી કંપનીઓ પાસેથી દાન મેળવ્યું કે કેમ અથવા વિદેશહી સ્રોત દ્વારા દાન મેળવ્યું કે કેમ આ વાતનો ખ્યાલ આવતો જ નથી. લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ અનુસાર આ પ્રકારનું દાનપર પ્રતિબંધ છે.

16. **જે પક્ષ લાયકાત ધરાવતા નથી તેવા પક્ષોને પણ ચૂંટણી બોન્ડ દ્વારા દાન મળી રહ્યું છે : એડીઆર ના 5મી માર્ચ 2019 ના અરજી ના સંદર્ભમાં સર્વોચ્ચ ન્યાયાલયે 12 મી એપ્રિલ 2019 ના રોજ વચગાળાનો હુકમ આપેલ છે, તેના અનુસાર રાજકીય પક્ષો દ્વારા બંધ કવરમાં તેમણે મળેલ દાન અંગેની વિગતો 30 માર્ચ 2019 સુધીમાં આપવાની હતી. એડીઆર દ્વારા દાન મેળવેલ રાજકીય પક્ષોની લાયકાત અંગે વિશ્લેષણ કરવામાં આવ્યું તેમાં નીચે મુજબના પ્રશ્નો સામે આવ્યા છે.**
    - કુલ 69 રાજકીય પક્ષોએ સીલબંધ કવર માં સર્વોચ્ચ ન્યાયાલયને વિગતો આપી પણ તેમનામાંથી માત્ર 43 પક્ષોની વોટ શેર (મતની ટકાવારી) અંગેની વિગતો હતી. .
    - આ 43 પૈકી માત્ર એક રજીસ્ટર અન રેકોગનાઇઝડ પક્ષ ચૂંટણી બોન્ડ થકી દાન મેળવવા લાયકાત ધરાવે છે.
    - ચૂંટણી બોન્ડ થકી દાન મેળવવા લાયકાત ધરાવતા પક્ષોની યાદી ચૂંટણી પંચની વેબસાઇટ પર જાહેર કરાયેલ નથી. એડીઆર દ્વારા કરવામાં આવેલ માહિતી અધિકારની

10 ઓક્ટોબર 2019 ના રોજની અરજીમાં ચૂંટણી પંચ દ્વારા જવાબ આપવામાં આવ્યો છે, કે તેમણે આવી કોઈ યાદી બનાવી નથી.

- આથી સ્પષ્ટ થાય છે, કે લાયકાત ધરાવતા પક્ષો ચૂંટણી બોન્ડ દ્વારા દાન મેળવે છે તેની કોઈ ખરાઈ કોઈ પણ ચૂંટણી બોન્ડ વટવતા પહેલાં કોઈ પણ સ્તરે થતી નથી.

17. **ચૂંટણી બોન્ડની યોજના આવ્યા બાદ રાજકીય પક્ષોની સંખ્યામાં વધારો થયો છે. ચૂંટણી બોન્ડ દ્વારા કાળા નાણાંને પ્રોત્સાહન મળ્યું છે, અને રાજકીય પક્ષો તેને પનપવા માટેનું જગ્યા બની છે. ચૂંટણીમાં પૈસો અને બાહુબળનો પ્રભાવ વધતો જાય છે, એટ્લે જે આમિર અને શક્તિમાન હશે તેને ટિકિટ મળે છે. જાન્યુઆરી 2017 માં ભારત માં 1500 રાજકીય પક્ષો હતા, જ્યારે 30 સપ્ટેમ્બર 2020 સુધી ભારતમાં નોંધાયેલા પક્ષોની સંખ્યા 2628 સુધી પહોંચી છે. આ સંખ્યા જોતાં ચૂંટણી બોન્ડ જેવી અમર્યાદ ગુપ્ત દાન મેળવવાની ચૂંટણી બોન્ડ યોજના એક કારણ બની છે, તે પ્રતિત થાય છે. આમાંથી ઘણા પક્ષો કદાચ ચૂંટણી લડશે નહીં, પણ તેઓ પૈસાની હેરફેર માટે અથવા કાળા નાણાંને ધોળામાં રૂપાંતરિત કરવા માટે ઉપયોગમાં લેવાશે.**

18. 2019ની લોકસભાની ચૂંટણી અત્યારસુધીની સૌથી વધુ ખર્ચાળ ચૂંટણી હતી. તેમાં 55 થી 60 હજાર કરોડ જેટલા પૈસા આ ચૂંટણી દરમ્યાન ખર્ચાયાં છે, તેવો સેંટરલ મીડિયા રિપોર્ટ (CMS) નો અંદાજ છે. 1998 થી 2019 દરમ્યાન યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં થતાં ખર્ચ માં 6 ગણો (રૂ.9000 થી રૂ.55000 કરોડ સુધી) વધારો થયો છે.

19. 2019 ની લોકસભા ચૂંટણી દરમ્યાન ચૂંટણી બોન્ડ થકી સૌથી વધુ અનામી દાન મળું છે. નાણાકીય વર્ષ 2017-18 અને 2018-19 દરમ્યાન રાજકીય પક્ષોને કુલ રૂ.2760 કરોડનું દાન ચૂંટણી બોન્ડ થકી મળ્યું છે.

## D. એડીઆરની ભલામણો

1. એડીઆર માંગણી કરે છે, કે ચૂંટણી બોન્ડ યોજના 2018 રદ કરી દેવી જોઈએ.
2. જો ઉપરોક્ત યોજના ચાલુ રાખવાની થાય તો તેમાં ચૂંટણી બોન્ડ ખરીદનારના નામની ગુપ્તતા અંગેની જોગવાઈ નાબૂદ કરી દેવી જોઈએ. તમામ રાજકીય પક્ષો જે ચૂંટણી બોન્ડ દ્વારા દાન મેળવે તેઓએ ચૂંટણી પંચ સમક્ષ વિગતસરનો અહેવાલ રજૂ કરવો જોઈએ કે જેમાં જે તે નાણાકીય વર્ષ દરમ્યાન મળેલ દરેક ચૂંટણી બોન્ડ થકી કોના દ્વારા કેટલી રકમ દાનમાં મળી તેની તમામ વિગતો હોવી જોઈએ. આવો અહેવાલ રજૂ

કરવામાટે નિયત માળખું નક્કી કરવું જોઈએ, જેથી કરીને રાજકીય પક્ષોને મળતાં ભંડોળ વિશેનું ચિત્ર જનતા સમક્ષ સ્પષ્ટ થાય.

3. ચૂંટણી બોન્ડ યોજના 2018 ની જોગવાઈ મુજબ પાત્રતા ધરાવતા, કે જેમને છેલ્લી ચૂંટણીમાં મળેલ મતની ટકાવારી અનુસાર પક્ષોની યાદી બનવી જોઈએ, અને તેને વખતોવખત તાજી (અપડેટ) કરવી જોઈએ. આ યાદી ચૂંટણી પંચની વેબસાઇટ પર, તેમજ SBIની વેબસાઇટ પર જાહેર જનતામાટે ખૂલી હોવી જોઈએ, તેમજ તેની કોપી બોન્ડમાટે નક્કી કરેલા તમામ SBIની બ્રાન્ચ પાસે હોવી જોઈએ.

4. જો જરૂરી વિગતો જાહેર કરવાં ચૂક કરે તો જે તે પક્ષને દંડ કરવો જોઈએ તેમજ વધુમાં તેમને વેરામાં મળેલ છૂટછાટ રદ કરવાની કાર્યવાહી ત્વરિત કરવી જોઈએ.
5. જે રાજકીય પક્ષો ઘણા લાંબા સમયગાળા સુધી નિષ્ક્રિય રહ્યા છે, ચૂંટણીમાં ભાગ લેતા નથી પણ ચૂંટણી બોન્ડ થકી દાન મેળવતા રહે છે, એવા રાજકીય પક્ષો ને વખતો વખત ચૂંટણી પંચ દ્વારા “ડી લિસ્ટ” કરી દેવા જોઈએ જેથી કરીને તેઓ ચૂંટણી બોન્ડ યોજના 2018 નો લાભ ન લઈ શકે.
6. ચૂંટણી પંચ દ્વારા સુનિશ્ચિત કરવું જોઈએ કે જે રાજકીય પક્ષ ચૂંટણી બીએનડી ઓજના અનુસાર ચૂંટણી બોન્ડ દ્વારા દાન મેળવવા પાત્ર નથી તેવા પક્ષ બોન્ડ વટાવી ન શકે.

7. તમામ રાજકીય તેમજ ક્ષેત્રિય પક્ષો દ્વારા ચૂંટણી બોન્ડ દ્વારા મળેલ ભંડોળની વિગતો માહિતી અધિકાર કાયદા અંતગર આપવી જોઈએ. દાન આપનારની વિગતો જનતા માટે ખૂલી હોવી જોઈએ..

8. **રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી પંચ ને સબમિટ કરવાંમાં આવતા નાણાકીય દસ્તાવેજોનું CAG તેમજ ચૂંટણી પંચ દ્વારા ચકાસણી થવી જોઈએ.**

9. કેન્દ્રિય માહિતી આયોગના 3 જૂન 2013 ના ચુકાદા અનુસાર રાજકીય માહિતી અધિકાર કાયદા નીચે લાવવા જોઈએ.

---